IN THE COURT OF JUDGE, LABOUR COURT AT BHAVNAGAR,

Presided Over by N.A.Brahmbhatt

વર્કમેન કોમ્પેન્સેશન(નો.ફેટલ) કેસ નં.૨૦/૨૦૧૦

આંક : ૩૭

વીરમ ઉર્ફે મુન્નો જીણાભાઈ પરમાર,
ઉ.વ.૧૯, ધંધોઃ બેકાર,
ઠે. આખલોલ જકાતનાકા, રફીક મોટર ગેરેજ વાળો ખાંચો,
ભાવનગર.
કેર/ઓફઃ વીપુલ જી.સંઘવી, એડવોકેટ, ભાવનગર **...અરજદાર**

વિરૂધ્ધ

(૧) શીવ પેકેજીંગ તે તેમજ તેમના વતી વહીવટકર્તા
મુખ્ય અધિકારી સાહેબશ્રી, ઠે.ચિત્રા,
જી.આઈ.ડી.સી., ઓમ પેકેજીંગના કારખાનાની બાજુમાં,
ભાવનગર.

(૨) નેશનલ ઈન્શ્યુરન્સ કંપની લીમીટેડ, કંપની, (આંક-૮ ની અરજી
લગત હુકમથી ચાલુ કામે જોડ્યા)
૨૭૫, ગીતાંજલી કોમ્પ્લેક્ષ, ગેલેક્ષી સીનેમા સામે,
કાળાનાળા,ભાવનગર. **...સામાવાળાઓ**

બાબત :- કર્મચારી વળતર અધિનિયમ એક્ટ હેઠળ વળતરની રકમ મેળવવા બાબતની અરજી.

-: હાજર રહ્યા :-

અરજદાર તરફે	:	વિ.વકીલશ્રી એ.જે.સંઘવી.
સામાવાળા નં.૧ તરફે	:	વિ.વકીલશ્રી એચ.એમ.વ્યાસ.
સામાવાળા નં.૨ તરફે	:	વિ.વકીલશ્રી એન.એચ.ઝાલા

<u>ચુકાદો</u>

(૧) અરજદારની સદર અરજીની હકીકતમાં અરજદારે જણાવેલ છે કે, અમો અરજદાર આ કામના સામાવાળાને ત્યાં છેલ્લા બે વર્ષથી સામાવાળાની ફેક્ટરીમાં ચોકલેટ તથા બીસ્કીટના બોક્ષ બનાવવાની કામગીરી કરતા હતા અને આ કામગીરીમાં અમો અરજદાર સારી રીતના અને કોઈપણ પ્રકારની ભુલચુક વગર કરતા હતા અને આ કામમાં અમો અરજદાર સામાવાળાને ત્યાં નોકરીના કાળ અને ક્રમ દરમ્યાન કોઈપણ પ્રકારની ભુલ તથા કસુર થવા પામેલ ન હતી અને, અમો અરજદારની નોકરી ખંત અને વિશ્વાસપૂર્વકની બજાવતા હતા. અમો આ કામના સામાવાળાના કાયમી કામદાર તરીકે કામગીરી કરતા હતા. અને અમો અરજદાર વર્કમેન કોમ્પનસેશન એક્ટની વ્યાખ્યામાં આવતા કામદાર છીએ. તથા અમો અરજદારની સામાવાળાને ત્યાં નોકરી સંપુર્ણ ધગશથી અને વિશ્વાસપૂર્વક બજાવતા હતા જે આથી અમો અરજદાર જાહેર કરીએ છીએ. સામાવાળાને વર્કમેન કોમ્પેનસેશન એક્ટ લાગુ પડે છે. અકસ્માત સમયે અમો અરજદારની ઉંમર ૧૯ વર્ષની હતી. અકસ્માત સમયે અરજદારને રોજના પગાર રૂા.૧૭૫/- નો પગાર હતો. આ અકસ્માત ગઈ તા.૧૭-૮-૨૦૧૦ ના રોજ સાંજના આશરે ૭-૦૦ વાગ્યાના સુમારે અરજદાર આ કામના સામાવાળાની સુચના મુજબ તથા માહિતી મુજબ કામગીરી કરતા હતા અમો અરજદાર સામાવાળાના ફેક્ટરીમાં બોક્સની ધડી મુજબ કટીંગ મશીન ઉપર કામગીરી કરતા હતા તે વખતે જમણો હાથની બીજી આંગળી પણ કપાઈ જવા પામેલ છે. આ અકસ્માત થયા બાદ અમો અરજદારને ભાવનગર મુામે ડો.કેતનભાઈ પટેલની હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ કરવામાં આવેલા હતા, અને ત્યારબાદ ત્યાં અમો અરજદારને ૧૦ થી ૧૫ દિવસ સારવાર આપવામાં આવેલ હતી અમે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. અને આ અકસ્માત અંગેનું તમામ પ્રકારનું ડોક્ટરશ્રીનું બીલ આ કામના સામાવાળાની દ્વારા ચુકવી આપવામાં આવેલ હતું. આ

અકસ્માત અને આ અકસ્માતથી અમો અરજદારની ચાલુ નોકરીના કાળ દરમ્યાન અને ક્રમ દરમ્યાન બનવા પામેલ હતો. આ અકસ્માતથી અમો અરજદારનું ઓપરેશન કરવામાં આવેલ હતું. તથા અમો અરજદારની હાલ પણ સારવાર ચાલુ છે. તથા આ સારવાર ક્યાં સુધી ચાલશે તે નક્કી નથી. અકસ્માત અમો અરજદારની ચાલુ નોકરીના કાળ દરમ્યાન તથા ક્રમ દરમ્યાન બનવા પામેલ હોય આ અકસ્માત વળતરની રકમ આ કામના સામાવાળાઓ ચુકવી આપવા માટે જવાબદાર થાય છે. આ અકસ્માતથી અરજદારને કાયમી ખોડ રહેવા પામેલ છે. તથા આ અકસ્માતથી અમો અરજદારના જમણા હાથ કાયમને માટે નકામા બની જવા પામેલ છે. અરજદાર રોજીંદી ક્રિયા પણ કરી શક્તા નથી. તથા આ અકસ્માતથી અરજદાર કાયમને માટે નકામા બની જવા પામેલ છે. આમ, આ અકસ્માતથી અરજદારને ૧૦૦ ટકા કાયમી ખોડ રહેવા પામેલ છે. આ અકસ્માત અરજદારની ચાલુ નોકરીના કાળ દરમ્યાન અને ક્રમ દરમ્યાન બનવા પામેલ હતો. તથા આ અકસ્માત સમયે અરજદારની નોકરી ચાલુ હતી અને આ અકસ્માત સમયે આ કામના અરજદાર સામાવાળાની સુચના મુજબ તથા માહિતી મુજબની કામગીરી કરતા હતા ત્યારે આ અકસ્માત બનવા પામેલ હતો. આ અકસ્માત વળતરની રકમ આ કામના સામાવાળાઓ સુંયુક્ત રીતે તથા પૃથક પૃથક રીતે ચુકવી આવપા માટે જવાબદાર થાય છે. આ અકસ્માતની જાણ આ કામના સામાવાળાને છે. તથા આ અકસ્માત બન્યા બાદ આ કામના સામાવાળાએ હોસ્પિટલમાં અમો અરજદારને દાખલ કરવા માટે આવેલ હતા.અને અમો અરજદારને સારવારના ખર્ચની રકમ આપવાની ના પાડેલી હતી. આથી આ કામના સામાવાળાને એટલે કે માલીકને આ અકસ્માત અંગેની જાણ હોવા છતાં આ કામના સામાવાળાએ અમો અરજદારનો અકસ્માત વળતરની કોઈપણ પ્રકારની રકમ ચુકવેલ નથી. તેમજ અમો અરજદારને આ અકસ્માત વળતરની કોઈપણ પ્રકારની વળતરની રકમ મળેલી નથી જે આથી જાહેર કરવામાં આવે છે. આથી અમો અરજદારને ના છુટકે આ કેસ દાખલ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થવા પામેલ છે. આ કામ સામાવાળાએ

અકસ્માત થયા બાદ એક માસમાં આ અકસ્માત વળતરની રકમ આપ નામદાર સાહેબની સમક્ષ જમા કરાવેલ ન હોય પેનલ્ટીની રકમ રૂપિયા ૫૦,૦૦૦/- અંકે રૂપિયા પચાસ હજાર પુરા પેનલ્ટીની રકમ વસુલ મેળવવા માટે અમો આ કામના અરજદાર હક્કદાર થઈએ છીએ. તથા આ કામના સામાવાળા પેનલ્ટીની રકમ ચુકવી આપવા માટે જવાબદાર થાય છે. ઉપરોક્ત અરજી સબબ અરજદાર દ્વારા દાદ માંગવામાં આવેલ છે કે, આ કામના સામાવાળાઓ સંયુક્ત રીતે તથા વિભક્ત રીતે અકસ્માત વળતરની રકમ રૂપિયા ૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પુરા અકસ્માત તારીખથી વસુલ આવતા સુધી દર માસે દર સેકંડે ૧૮ ટકાના વ્યાજ સહીતનો એવોર્ડ આ કામના સામાવાળાની હરેક પ્રકારની જાતથી તથા મિલ્કતથી તથા તેમની મિલ્કતથી વસ્તુઓ જપ્તીમાં લઈને તેમની જાહેર હરરાજી કરીને વસુલ મેળવી શકીએ તેવો એવોર્ડ અમો અરજદારના લાભમાં તથા આ કામના સામાવાળાઓની વિરુધ્ધમાં ફરમાવવા નામદાર સાહેબને અરજ ગુજારેલ છે. આ કામના સામાવાળા પેનલ્ટીની રકમ રૂપિયા ૫૦,૦૦૦/- અંકે રૂપિયા પચાસ હજાર પુરા અકસ્માત તારીખથી વસુલ આવતા સુધી દર વર્ષે દર માસે દર સેકંડે ૧૮ ટકાના વ્યાજ સહીતનો એવોર્ડ અમો અરજદારના લાભમાં તથા આ કામના સામાવાળાઓની વિરુધ્ધ ફરમાવવા અમો અરજદારની આપ નામદાર સાહેબશ્રીને નમ્ર અરજ ગુજારેલ છે. આ અરજીના મળવાપાત્ર આનુષાંગિક તમામ લાભ અને દાદો અપાવવા અરજદારે દ્વારા નમ્ર અરજ ગુજારેલ છે. સદર અરજી વંચાણે લીધી.

(૨) આ કામે કેસનું રેકર્ડ જોતાં હાલની અરજીની નોટીસ સામાવાળાને બજી ગયા બાદ સામાવાળા નં.૧ તરફે જવાબ આંક-૬ થી રજુ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, હાલની અરજી ખરી અને કાયદેસર નથી અરજી પૈકીની જે જે હકીકતોની અમો સ્પષ્ટપણે કબુલાત ન કરીએ તે તમામની અમારી ઈન્કારી છે. હાલના અરજદાર ખરી હકીકત છુપાવી અધુરી અને ગેરમાર્ગે દોરનારી હકીકતોથી આજી લાવતા હોય આ કારણે પણ અરજી રદ્દ થવા પાત્ર છે વળી અરજીને વર્કમેન કોમ્પનસેશન એક્ટથી અલગ અલગ

જોગવાઈઓનો બાદ જતો હોય અરજી રદ જવા પાત્ર છે. અરજીના પારા–૧ ની હકીકત બાબતે જણાવવાનું કે અરજદાર સારી રીતે કોઈપણ પ્રકારની ભુલચુક વગર કામ કરતા હોવાનું કે કસુર કરેલ નહી હોવાનું અરજદારનું કહેવું ખરૂ નથી. અરજદાર અમારા કાયમી કામદાર હોવા બાબતે કોઈ તકરાર નથી. અરજી પારા બે બાબતે કોઈ તકરાર નથી. અરજી પારા ત્રણની હકીકત જુઠી છે અકસ્માત સમયે અરજદારનો પગાર **રૂ.૧૬૭/–** છે તે જાહેર કરીએ છીએ. અરજી પારા–૪ ની હકીકત બાબતે જણાવવાનું કે અરજદારને ડો.કેતનભાઈ પટેલને હોસ્પિટલમાં અમો સામાવાળા લઈ ગયેલ તે હકીકત તેમણે છુપાવી છે આ પારાની બાકીની હકીકત બાબતે કોઈ તકરાર નથી. અરજદારને કાયમી ખોડ રહી ગયેલ હોવાના કોઈ આધાર પુરાવા નથી. અરજી પારા પાચંની હકીકતમાં અરજદાર જણાવે છે કે તેવી કાયમી ખોડ રહી ગયેલ હોવાના કોઈ પુરાવા રજૂ નથી આ હકીકત અરજદારને સાબીત કરવા ફરજ પાડવા મે. કરશોજી. અરજી પારા–૬ માં જણાવ્યા મુજબ અમો સામાવાળાએ અરજદારને સારવાર ખર્ચની રકમ આપવાની ના પાડેલ હોવાનું કહેવું ખરૂ નથી અમોએ અકસ્માતની જાણ હોવા છતા અરજદારને વળતરની કોઈ પણ પ્રકારની રકમ ચુકવેલ નહી હોવાનું અરજદારનું કહેવું ખરૂ ન હોય તેનો અમોએ ઈન્કાર કરેલ છે. અરજી પારા સાતની હકીકત સંદતર જુઠ્ઠી છે. આ પારામાં જણાવેલ કોઈ રકમ પેનલ્ટી સ્વરૂપે અમારા પાસેથી મેળવવા કોઈ હક્કદાર બનતા નથી. ખરી હકીકતે અરજદાર અમારા કારખાના પર કાયમી વર્કમેન તરીકે કામ કરતા હતા તેમની લાપરવાહી અને બેજવાબદારીના કારણે અકસ્માત બનવા પામેલ છે. અને અકસ્માત બનતા તરત જ શ્રેષ્ઠ પ્લાસ્ટીક સર્જન અને એક માત્ર સર્જન તેવો ડો.કેતનભાઈ પટેલની હોસ્પિટલમાં દાખલ કરેલ અને તે સમયે તરત જ તેમના પરીવારજનોને અકસ્માતની જાણ કરેલ. ડો.કેતનભાઈની સાવારનો તમામ ખર્ચ રૂ.૧૭,૬૦૦/– અમોએ ભોગવેલ છે જેની પહોંચ આ સાથે રજૂ છે. અરજદારના દવાના તથા અન્ય રીપોર્ટના તમામ ખર્ચ અમે આપેલ છે તેના પુરાવા પણ રજૂ છે અને અકસ્માત થયા બાદ અરજદાર વધુ નુકશાન વળતરના રૂ.૧૦,૦૦૦/– અમારા પાસેથી

રોકડા લઈ ગયેલ છે. વળી વિશેષમાં જણાવીએ છીએ કે અમોએ કામદારો માટે વર્કમેન કોમ્પનસેશન પોલીસી નેશનલ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન લીમીટેડની લીધેલ છે જેનો નં.૩૦૧૦૦૦/૪૧/૧૦/૮૬૦૦૦૦૦૦૮૬ છે જે સને ૧૨-૭-૨૦૧૦ થી ૧૧-૭-૨૦૧૧ સુધીની છે અને તેના ચાલુ સમય દરમ્યાન જ અકસ્માત બનવા પામેલ છે જેથી અમારી કોઈ રકમ ચુકવવાની જવાબદારી થતી નથી આવી પરિસ્થિતિમાં આંક-૧ ની અરજીનું કોઈ કારણ અમારા સામે ઉપસ્થિત થયું ન હોય અરજી ખર્ચ સહિત રદ્દ કરવા હુકમ કરવા સામાવાળા નં.૧ એ અરજ ગુજારેલ છે.

(૩) સદર કામે સામાવાળા નં.૨ વિમા કંપની તરફે આંક-૧૬ થી જવાબ રજુ કરેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, અરજદારની અરજી 'વર્કમેન કમ્પન્સેશન એક્ટ' અને તે અંતર્ગત બનેલા નિયમોની જોગવાઈઓ અનુસાર નથી, અને તેથી તે ખર્ચ સાથે રદ થવા પાત્ર છે. અરજદારની અરજી ન તો કાયદેસર છે કે ન તો શુદ્ધ બુદ્ધિથી કરાયેલી છે, અને તેથી તે ખર્ચ સાથે રદ થવાને પાત્ર છે. અરજદારની અરજી જરૂરી પક્ષકારોને સામેલ ન કરવા અને બિનજરૂરી પક્ષકારોને ખોટી રીતે સામેલ કરવાના આધારે રદ થવા પાત્ર છે. અરજદારની અરજી સમય મર્યાદા બહાર હોવાથી, તે ખર્ચ સાથે રદ થવા પાત્ર છે. કથિત ઘટના નામદાર કોર્ટની પ્રાદેશિક સત્તાધિકારની મર્યાદામાં ઘટી નથી અને તેથી, અરજદારની અરજી ખર્ચ સાથે રદ થવા પાત્ર છે. અરજદાર વર્કમેન કમ્પન્સેશન એક્ટમાં વ્યાખ્યાયિત કર્યા મુજબના 'કારીગર' નથી અને તેથી, અરજદારની અરજી ખર્ચ સાથે રદ થવા પાત્ર છે. કથિત ઘટના તેમના રોજગાર દરમિયાન ઘટી નથી અને તેથી, અરજદારની અરજી ખર્ચ સાથે રદ થવા પાત્ર છે.અરજદારનો આ સામાવાળા સાથે કોઈ કરારનો સંબંધ નથી. એવું રજૂ કરવામાં આવે છે કે અરજદાર વીમાના કરાર માટે ત્રાહિત વ્યક્તિ છે અને તેથી, આ સામાવાળા વિરુદ્ધ કોઈ એવોર્ડ અને/અથવા કોઈ હુકમનામું પસાર કરી શકાય નહીં. વળતર ચૂકવવાની મુખ્ય જવાબદારી એમ્પ્લોયર (માલિક) ની છે અને તેથી, વીમા કંપની એટલે કે હાલના સામેવાળાને માલિક વિરુદ્ધ પસાર થઈ શકે તેવા કોઈ એવોર્ડ અને/અથવા

હુકમનામાની પૂર્તિ કરવાનું કહી શકાય નહીં. કે નામદાર કોર્ટ સમક્ષ વળતરની રકમ જમા કરાવવાની પ્રાથમિક ફરજ એમ્પ્લોયર (માલિક) ની છે અને તેથી, નામદાર કોર્ટ પાસે આ સામેવાળા વિરુદ્ધ કોઈ હુકમનામું અને/અવવા એવોર્ડ પસાર કરવાનો કોઈ અધિકારક્ષેત્ર નથી, અને નામદાર કોર્ટ આ જવાબ આપનાર સામેવાળાને કોઈ ખર્ચ, વ્યાજ અને/અથવા પેનલ્ટી (દંડ), જો કોઈ હોય તો, ચૂકવવા માટે કહી શકે નહીં. એવું રજૂ કરવામાં આવે છે કે આ સામાવાળા માત્ર એટલું જ સ્વીકારે છે કે શિવ પેકેજિંગનું હિત, આ સામેવાળા દ્વારા જારી કરાયેલ વીમા પોલિસીની શરતો, નિયમો, અપવાદો અને મર્યાદાઓને આધીન સંબંધિત સમયે વીમા હેઠળ આવરી લેવામાં આવ્યું હતું. એવું રજૂ કરવામાં આવે છે કે સામાવાળા નંબર ૧ એ વર્કમેન કમ્પન્સેશનનું વીમા કવચ મેળવ્યું છે. આ સામાવાળા દ્વારા વીમેદાર એટલે કે સામેવાળા નંબર ૧ ના પક્ષમાં જારી કરાયેલ વીમા પોલિસીનો નંબર ૩૦૧૦૦૦/૪૧/૧૦/૮૬૦૦૦૦૦૦૮૬ છે, જે તા.૧૨–૭–૨૦૧૦ થી તા.૧૧–૭–૨૦૧૧ સુધીના સમયગાળા માટે સામાવાળા નંબર ૧ ના કબજામાં છે. સામાવાળા નંબર ૧ ને નામદાર ટ્રિબ્યુનલ સમક્ષ અસલ વીમા પોલિસી રજૂ કરવા માટે આદેશ કરવા વિનંતી છે. જો તેઓ નામદાર ટ્રિબ્યુનલ સમક્ષ આવી વીમા પોલિસી રજૂ કરવામાં નિષ્ફળ જશે, તો આ જવાબ આપનાર સામેવાળા પોલિસીની પ્રમાણિત સાચી નકલ રજૂ કરશે અને તેને રેકોર્ડ પર લેવડાવશે. અરજીના પેરા ૧ ના સંદર્ભમાં, તેમાં કરાયેલા કથનો રેકોર્ડની બાબત છે અને અરજદાર દ્વારા સાબિત કરવા જરૂરી છે. અરજીના પેરા ૨ અને ૩ ના સંદર્ભમાં, અરજદાર એક કર્મચારી હતા અને સામેવાળા નંબર ૧ તેમના માલિક હતા તેવા કથનો અરજદાર દ્વારા સાબિત કરવા જરૂરી છે. એ સ્વીકારવામાં આવતું નથી કે કથિત અકસ્માતના સમયે, તારીખ ૧૭–૦૮–૨૦૧૦ ના રોજ અરજદાર રાત્રે ૭–૦૦ વાગ્યા પછી શિવ પેકેજિંગમાં બોક્સ કટિંગ મશીન પર મજૂર તરીકે કામ કરી રહ્યા હતા અને તે સમયે ફેક્ટરીમાં બોક્સ કટિંગ મશીન પર કામ કરતી વખતે અકસ્માતે અરજદારનો જમણો હાથ આવી ગયો હતો અને જમણા હાથનો અંગૂઠો કપાઈ ગયો હતો

જે તેમના રોજગાર દરમિયાન થયું હતું. અરજીના પેરા ૪ ના સંદર્ભમાં, હોસ્પિટલમાં દાખલ થવા અને સારવાર અંગેના કથનો અરજદાર દ્વારા સાબિત કરવા જરૂરી છે. ઉક્ત પેરાના અન્ય કથનો સાચા હોવાનું સ્વીકારવામાં આવતું નથી અને તેથી તેના કડક પુરાવાની જરૂર છે. એ સ્વીકારવામાં આવતું નથી કે અરજદારને જમણા ઉપરના અંગમાં કાયમી ખોડ આવી છે જે કથિત છે અને તે અરજદાર દ્વારા સાબિત થવી જરૂરી છે. એ સ્વીકારવામાં આવતું નથી કે અરજદાર સંપૂર્ણપણે ૧૦૦% વિકલાંગ/અક્ષમ થઈ ગયા છે. અરજીના પેરા ૫ ના સંદર્ભમાં, એવું રજૂ કરવામાં આવે છે કે અરજદારને લગતા સંબંધિત દસ્તાવેજો આ સામાવાળાને ક્યારેય સામાવાળા નંબર ૧ દ્વારા સબમિટ કરવામાં આવ્યા ન હતા અને તેથી, અરજદારના દાવાને આ સામાવાળા તરફથી ધ્યાને લેવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. વધુમાં, વળતર જમા કરાવવાની મુખ્ય ફરજ સામેવાળા નંબર ૧ ની છે. અરજીના પેરા ૧, ૬, ૭ અને ૯ ના સંદર્ભમાં, એ સ્વીકારવામાં આવતું નથી કે અરજદારને પગાર તરીકે રોજના રૂપિયા ૧૭૫/- અથવા કોઈપણ રકમ મળતી હતી. એ સ્વીકારવામાં આવતું નથી કે અકસ્માતના સમયે અરજદારની ઉંમર ૧૯ વર્ષની હતી. એવી રજૂઆત કરવામાં આવે છે કે અરજદારને ઉંમરનો પુરાવો અને આવકનો પુરાવો રજૂ કરવા આદેશ કરવામાં આવે. એવી રજૂઆત કરવામાં આવે છે કે અરજદાર રૂપિયા ૧,૦૦,૦૦૦/- અથવા કોઈપણ રકમ અને/અવા ૫૦% પેનલ્ટી અથવા કોઈપણ પેનલ્ટી અને/અથવા ૧૮ % ના દરે વ્યાજ અથવા કોઈપણ દરે વ્યાજ અને/અથવા આ સામેવાળા પાસેથી કોઈ રાહત મેળવવા માટે હકદાર નથી. એ સ્વીકારવામાં આવતું નથી કે અકસ્માતની ઘટના, જેના પરિણામે અરજદારને ઈજાઓ થઈ છે, તે સામેવાળા નંબર ૧ સાથેના તેમના રોજગાર દરમિયાન ઊભી થઈ હતી. અરજદાર અને સામાવાળા નંબર ૧ વચ્ચે કર્મચારી અને માલિકનો સંબંધ સ્વીકારવામાં આવતો નથી. એ સ્વીકારવામાં આવતું નથી કે સામાવાળા નંબર ૨ વળતરની રકમ ચૂકવવા માટે જવાબદાર બન્યા છે. આ સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા 'ન્યૂ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની

વિરુદ્ધ દિલબહાદુર થાપા' તારીખ ૦૮–૧૨–૨૦૧૧ નો આધાર લેવામાં આવે છે. જેમાં નામદાર હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે 'એમ્પ્લોઈઝ કમ્પન્સેશન એક્ટ, ૧૯૨૩' ની કલમ ૩૦ હેઠળ – વીમા કંપની દ્વારા વ્યાજ અને પેનલ્ટી (દંડ) માટેના વળતરના એવોર્ડ સામે કરાયેલી અપીલ અને અન્ય એક અપીલમાં પ્રતિવાદીઓ દ્વારા વળતરમાં વધારો મેળવવા માટેની માંગણીના કેસમાં, એમ્પ્લોઈઝ કમ્પન્સેશન કમિશનર દ્વારા ઠરાવવામાં આવ્યું હતું કે:

(i) વીમા કરારની શરતોને ધ્યાનમાં લેતા, અપીલકર્તા અને માલિક વચ્ચે વીમા કંપની વ્યાજ અને પેનલ્ટી (દંડ) માટે માલિકને નુકસાનીની ભરપાઈ કરવા (ઈન્ડેમનીફાઈ કરવા) જવાબદાર નથી.

(ii) પ્રતિવાદીઓ દ્વારા વળતરમાં વધારો કરવા માટે કોઈ કેસ બનતો નથી. આ કેસમાં વીમા કંપની દ્વારા કરાયેલી અપીલ આંશિક રીતે મંજૂર કરવામાં આવી હતી અને પ્રતિવાદીઓ દ્વારા કરાયેલી અપીલ રદ કરવામાં આવી હતી. આ લેખિત નિવેદનમાં જણાવેલા આધારો પર અને સુનાવણીના સમયે રજૂ થઈ શકે તેવા અન્ય આધારો પર, તેમજ એ હકીકતને ધ્યાનમાં રાખીને કે સામાવાળા નંબર ૧ એ વીમા પોલિસીના નિયમો અને શરતોનો ભંગ કર્યો છે, નામદાર 'કમિશનર ફોર વર્કમેન્સ કમ્પન્સેશન' ને નમ્ર વિનંતી છે કે આ સામાવાળા નં.૨ વીમા કંપની વિરુદ્ધની અરજદારની અરજી ખર્ચ સાથે રદ કરવા અરજ ગુજારેલ છે.

(૪) પક્ષકારો તરફે નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલા છે.

અરજદાર તરફે મૌખિક પુરાવો :-

ક્રમ	વિગત	આંક/ નિશાની
૧	અરજદાર વિરમ ઉર્ફે મુન્નો જીણાભાઈ પરમારનું પુરવારૂપી	૨૦

	સોગંદનામુ	
૨	અરજદાર તથા સામાવાળા નં.૨ તરફે સંયુક્ત ક્લોઝીંગ પુરસીસ	૩૫

<u>અરજદાર તરફે દસ્તાવેજી પુરાવો :-</u>

ક્રમ	વિગત	આંક/ નિશાની
૧	અરજદારના આધારકાર્ડની નકલ	૩૩

<u>સામાવાળા નં.૧ તરફે દસ્તાવેજી પુરાવો :-</u>

ક્રમ	વિગત	આંક/ નિશાની
૧	સામાવાળા નં.૧ એ કામદારની ઉતારેલ વિમા પોલીસીની નકલ	૧૨
૨	સામાવાળા નં.૧ એ અરજદારની સારવાર પાછળ ડોક્ટર કેતન પટેલને ચુકવેલ ખર્ચની રકમની પહોંચની નકલ	૧૩
૩	સામાવાળા નં.૧ એ સારવાર દરમ્યાન દવા અરજદારને આપેલ હોય તેના નાણા ચુકવ્યાની પહોંચ તથા બીલની નકલ	૧૪

અરજદાર તરફે આંક–૨૦ થી પુરાવારૂપી સોગંદનામું રજૂ કરવામાં આવેલ છે. જેમાં સામાવાળા નં.૧ તરફે કોઈ ઉલટતપાસ માટે હાજર રહેલ નથી. સામાવાળા નં.૨ ના વિ.વકીલશ્રી

સી.આર.રાણા દ્ધારા અરજદારની ઉલટતપાસ કરવામાં આવેલ. અરજદાર તરફે આંક–૨૭ થી પુરસીસ આપી સામાવાળા નં.૧ અને ૨ હાજર ન રહેતા સામાવાળાનો ઉલટતપાસનો હક્ક બંધ કરવા અરજ ગુજારેલ છે જે પુરસીસ લગત હુકમ પસાર કરી સામાવાળા નં.૧ નો ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે. આ કામે અરજદાર દ્ધારા સામાવાળા નં.૨ ની ઉલટતપાસમાં જણાવ્યા મુજબ આંક–૩૩ થી અરજદારના આધારકાર્ડની નકલ રજૂ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક–૩૪ થી પુરસીસ રજૂ કરેલ છે જે વિગતવાર લગત હુકમ પસાર કરી સામાવાળઓ નં.૧ નો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.આ કામે અરજદાર અને સામાવાળા નં.૨ તરફે આંક–૩૪ થી સંયુક્તમાં ક્લોઝીંગ પુરસીસ રજૂ કરી પુરાવો પુરો થયાની જાહેરાત કરેલ છે. ત્યારબાદ સદર કામ આગળની કાર્યવાહી ચલાવવામાં આવેલ છે.

ત્યારબાદ અરજદારના પ્રતિનિધીશ્રીની મૌખિક દલીલો સાંભળી. જેમાં તેઓ રજુ થયેલ પુરાવા તથા રેકર્ડ મુજબની દલીલ હોવાનુ જણાવે છે.

સામાવાળા નં. ૧ તરફે અરજદારની ઉટલતપાસ કે દલીલ માટે કોઈ હાજર રહેલ નથી. સામાવાળા નં.૨ તરફેના વિ.વ.શ્રી એન.એચ.જાલા તેમજ તેમના પ્રોક્સી વિ.વકીલશ્રી સી.આર.રાણાએ મૌખિક દલીલ કરી તેમણે રજુ કરેલ પુરાવા મુજબની દલીલ કરી અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે. ત્યારબાદ સામાવાળા નં.૨ તરફે આંક–૩૬ થી લેખિત દલીલો રજૂ કરેલ છે જેમાં તેઓએ મુખ્યત્વે કાયમી ખોડ અંગેનું સર્ટિફિકેટ રજૂ કરેલ ન હોય અને અરજદારે તે ઉલટતપાસમાં સ્વીકારેલ હોય, અરજદારને કોઈ કાયમી ખોડ રહેલ ન હોય અરજદારને કોઈ ક્લેઈમની રકમ મળવાપાત્ર નથી, તથા સામાવાળા નં.૧નાએ સારવાર અને ખર્ચ ના રૂા.૧૭૬૦૦/– અને રૂા.૧૦૦૦૦/– ચુકવેલ છે જેથી કોઈ રકમ અરજદારને મળવાપાત્ર

નથી. સામાવાળા નં.૨ તરફે મૌખિક દલીલો સાંભળી. અરજદાર તરફે તેમના વિ.વકીલશ્રી એ.જે.સંઘવીની મૌખિક દલીલો સાંભળી.

(૫) પક્ષકારોના નિવેદનના આધારે આંક-૧૭ થી મારા પુરોગામી નામદાર વિ.ન્યાયાધીશ્રીએ નીચે મુજબના મુદ્દા ઘડેલ છે, તે મુદ્દાઓના તારણો સંબંધિત મુદ્દાઓ નીચે દર્શાવ્યા અનુસાર છે.

-:: મુદ્દાઓ::-

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, તેમના અને સામાવાળા નં.૧ વચ્ચે શ્રમયોગી અને માલીકનો સંબંધ છે?

(૨) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓને સામાવાળા નં.૧ ની નોકરીની ફરજો દરમ્યાન અકસ્માત થયેલ હતો? જો હા તો અરજદારને કેટલા ટકા ખોડ આવેલ છે?

(૩) શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળા વિમા કંપનીમાં વિમો ઉતરાવેલ હતો? જો હા તો અકસ્માત સમયે વિમા પોલીસી અસ્તિત્વમાં હતી?

(૪) શું અરજદારની અકસ્માત સમયે ઉંમર તથા માસિક આવક શું હતી તે પોતે પુરવાર કરે છે?

(૫) શું અરજદાર સામાવાળા પાસેથી વળતરની રકમ વસુલ મેળવવા હક્કદાર છે?

(૬) શું અરજદાર સામાવાળા પાસેથી વળતરની રકમ ઉપર વ્યાજ-પેનલ્ટીની રકમ મેળવવા હક્કદાર છે?

(૭) આખરી હુકમ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

-::નિર્ણયો::-

૧. હકારમાં,

૨. નકારમાં,

૩. હકારમાં,

૪. ઉંમર ૧૯ વર્ષ અને દૈનિક રૂ.૧૬૭/– પગાર.
૫. નકારમાં,
૬. નકારમાં,
૭. આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણય અંગેના મારા કારણો નીચે મુજબ છે.

–:: કારણો ::–

૭.૧ મુદ્દા નં. ૧ થી ૬

આ કામે અરજદારે આંક–૧ ની અરજીના સમર્થનમાં આંક – ૨૦ થી અરજદાર તરફે સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં તેઓ આંક –૧ ની અરજીમાં રજુ કરેલ નિવેદન ને સમર્થન કરેલ છે. જેની ઉલટતપાસ સામાવાળા નં.૨ તરફે ના પ્રોક્સી વિધ્વાન વકીલશ્રી સી.આર.રાણા એ કરેલ છે. જેમાં અરજદારે એવું જણાવેલ છે કે, " **એ વાત ખરી છે કે, આ કામે અમોએ સાાવાળા નં.૧ ને ત્યાં નોકરી કરતા હોવાના કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. તથા આ કામે અમોને મળતા પગારભથ્થા અંગેના કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી. ડોક્ટરી સારવાર અંગેના કાગળો અમે અરજદારે આ કામે રજૂ કરેલ નથી.** હાલમાં હું મજૂરી કામ એટલે કે ધ્યાન રાખવા માટે એટલે કે ચોકીદાર તરીકે કામ કરુ છું. એ વાત ખરી છે કે આ કામે ઉંમર અંગેનો કોઈ આધાર પુરાવો મેં રજૂ કરેલ નથી. **એ વાત ખરી છે કે આ કામે મેં કાયમી ખોડ અંગેનું સર્ટિફિકેટ રજૂ કરેલ નથી.** સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમોનું આધારકાર્ડ અમે ચાલુ કામે રજૂ રાખીશું. એ વાત ખરી નથી કે અકસ્માતનો બનાવ મારી ભુલ અને

બેદરકારીના કારણે બનવા પામેલ હતો. એ વાત ખરી નથી કે ખોટી રીતે વળતર મેળવવા માટે આજરોજ હું સોગંદઉપર હું ખોટી જુબાની આપું છું." આ કામે રેકર્ડ પરનો પુરાવો જોમવામાં આવે તો આંક–૬ ના જવાબમાં સામાવાળા નં.૧ નાએ અરજદાર તેઓના કામદાર હોવાનું કબુલ કરેલ છે અને અરજદારનો દૈનિક પગાર રૂા.૧૬૭/– છે તે જાહેર કરેલ છે, તથા સદર કામે સામાવાળા નં.૧ નાએ તેઓની વીમા પોલીસીની નકલ આંક–૭ ના લીસ્ટથી આંક–૧૨ થી રજૂ કરેલ છે જેમાં તા.૧૨–૭–૨૦૧૦ થી તા.૧૧–૭–૨૦૧૧ ની વીમા પોલીસીની વર્કમેન કોમ્પનસેશનની પોલીસી રજૂ કરેલ છે. આંક–૮ થી વીમા કંપનીને જોડવાનો હુકમ કરેલ છે. આમ, સદર કામે રેકર્ડ પરનો પુરાવો જોતાં મુદ્દા નં.૧, મુદ્દા નં.૩ અને મુદ્દા નં.૪ નો નિર્ણય હકારમાં આપી બનાવ સમયે અરજદારની ઉંમર ૧૯ વર્ષ હોવાનું અને દૈનિક રૂા.૧૬૭/– મેળવતા હોવાનું પુરવાર થાય છે. આ કામે અરજદારે તેની ઉલટતપાસમાં આધારકાર્ડ રજૂ કરવાનું જણાવેલ હતું જે અનુસંધાને આંક–૩૩ થી આધારકાર્ડ રજૂ કરેલ છે જેમાં જન્મ તા.૧–૧–૧૯૯૦ દર્શાવેલ છે. આ કામે અરજદારે ઉલટતપાસમાં તે વાતનો પણ સ્વીકાર કરેલ છે કે કાયમી ખોડ અંગેનું કોઈ સર્ટિફિકેટ રજૂ કરેલ નથી. આમ, સદર કામે અરજદાર દ્વારા કોઈ કાયમી ખોડ રહ્યા બાબતે કોઈ સચોટ આધાર રજૂ કરેલ ન હોય મુદ્દા નં.૨ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે. આ કામે રેકર્ડ પરનો પુરાવો જોતાં અરજદાર કાયમી ખોડ અને અકસ્માત પુરવાર કરી શકેલ ન

હોય મુદ્દા નં.૫ અને મુદ્દા નં.૬ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં.૭ લગત ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: આખરી હુકમ ::-

(૧) આ કામના અરજદાર **વીરમ ઉર્ફે મુન્નો જીણાભાઈ પરમાર**ની હાલની અરજી નામંજૂર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૩) આ હુકમની જાણ તમામ પક્ષકારોને કરવી.

સદરહુ હુકમ આજરોજ તા.૩૦-૦૬-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર
તારીખ : ૩૦/૦૬/૨૦૨૬

(નિતીનકુમાર અમૃતલાલ બ્રહ્મભટ્ટ)
કમિશ્નર ઓફ વર્કમેન કમ્પોન્સેશન
કર્મચારી વળતર અધિનિયમ,
શ્રમ અદાલત નં.-૨,ભાવનગર.
જીજે - ૦૧૧૭૦

એન.ડી.ચૌહાણ (પી.એ.)